| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૦૩–૦૩–૨૦૨૬ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૩–૦૩–૨૦૨૬ | | |
| અરજી ફેંસલ કર્યા તા. | ૦૯–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૦૬ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્રનગર**

| |
|---|
| **ફોજદારી પરચુ. અરજી નં.૨૩૪/૨૦૨૬** |
| **આંક: ૦૮** |

**અરજદાર : અમિતભાઈ જગદીશભાઈ પારધી**
ઉ.વ.આ.૧૯,ધંધો:પ્રા.નોકરી
રહે. સડલા,તા.મુળી,જી.સુરેન્દ્નગર
હાલ: સુરેન્દ્નગર સબ જેલ

**વિરૂધ્ધ**

**સામાવાળા : શ્રી સરકાર**

---

**વિષય::– <u>બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.</u>**

---

| | |
|---|---|
| અરજદાર/આરોપી તરફે | વિ.વ.શ્રી એમ.બી.પરમાર |
| સામાવાળાશ્રી સરકાર તરફે | વિ.એ.પી.પી.શ્રી એમ.પી.સભાણી |

---

**–:: ઠ રા વ ::–**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧)** આ કામમાં જે એફ.આઈ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

'' તે એવી રીતે કે આ કામના આરોપી અમીતભાઈ જગદીશભાઈ પારધી રહે.સડલા, તા.મુળી, જી.સુરેન્દ્નગરવાળાએ ફરીયાદીની જાણ બહાર

ફરીયાદીના ફોનમાંથી ફરીયાદીના ફોટા તેના ફોનમા લઈ ફરીયાદીના ફોટા સાથે આરોપીએ પોતાના ફોટાનું એડીટીંગ કરી વિડીયો બનાવી ફરીયાદીને બતાવી ફરીયાદીને બ્લેકમેઈલ કરી, ફરીયાદીને અવારનવાર એકાંતમા મળવા બોલાવી, ફરીયાદી પાસેથી પૈસાની માંગણી કરી અવાર નવાર ફરીયાદીનો પીછો કરી ફરીયાદી સાથે શારીરીક અડપલા તથા મારજુડ કરી, ફરીયાદી સાથે અવાર નવાર બળજબરીથી શરીર સબંધ બાંધી બળાત્કાર કરી ગુનો કર્યા બાબત.''

**૧.૨)** ઉપરોકત હકીકત બાબતે મુળી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૩૫૨૬૦૦૪૦/૨૬ થી બી.એન.એસ.કલમ–૬૪(૨)(એમ), ૭૫(૧)(૧), ૭૫(૧)(૨), ૭૮(૧)(૧),૧૧૫(૨), ૩૦૮(૨), ૩૫૧ (૩) મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને તે ગુનામાં અરજદારે હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

૨.૧) અમો અરજદાર/આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરી કે કોઇ અપકૃત્ય તેની મરજી વિરુધ્ધ કરેલ નથી.

૨.૨) અમો અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી તેમજ હાલના અરજદાર નાની ઉંમરના હોય તદન નિર્દોષ છે.

૨.૩) અમો અરજદાર/આરોપી અરજીના મથાળે જણાવેલ સરનામાના કાયમી રહીશ હોય ટ્રાયલ દરમ્યાન કયાંય નાસી ભાગી જઈએ તેમ નથી.

૨.૪) અરજદાર સામે મૃત્યુદંડની સજાને પાત્ર ગંભીર ગુનાનો આક્ષેપ નથી. આવા સંજોગોમા પણ નામ.સુપ્રિમ કોર્ટના તથા વિવિધ નામદાર વડી

અદાલતોનો જામીન સબંધીત ચુકાદાઓ ધ્યાને લઈ હાલના અરજદારને જામીન મુકત કરવા નમ્ર અરજ છે.

૨.૫) અમો અમારા સામેની ટ્રાયલમાં તેમજ તપાસમાં સંપુર્ણપણે સહકાર આપવાની તેમજ કોર્ટ જયારે બોલાવે ત્યારે હાજર થઈ કોર્ટ કાર્યવાહીમાં મદદરૂપ થવાની ખાત્રી આપીએ છીએ.

(૩) **ત.ક.અમલદારનું સોગંદનામુ ::–** તપાસ કરનાર અમલદારે આંક– ૦૭ થી સોગંદનામુ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે,....

૩.૧) વધુમાં,આ કામના અરજદાર/આરોપી ભોગબનનાર ફરીયાદીનાઓ પોતાના ઘરે એકલા હોય ત્યારે કોઈપણ બહાના કાઢી ફરીયાદીના ઘરે જઈ એકાંતનો લાભ લઈ શારીરીક અડપલા કરી ફરીયાદીની જાણ બહાર ફરીયાદીના ફોટા પોતાના ફોનમા લઈ **આરોપીએ પોતાના ફોટા સાથે ફરીયાદીના ફોટાનુ એડીટીંગ કરી ફોટા વિડીયો બનાવી ફરીયાદીને બતાવી ફરીયાદીને બ્લેક મેઈલ કરી ફરીયાદીને અવાર નવાર એકાંતમાં મળવા બોલાવી ફરીયાદી પાસેથી પૈસાની માંગણી** કરી ગંભીર ગુન્હો આચરેલ છે. જે ફોટા વિડીયોની પેનડ્રાઇવ ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ છે. આમ અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે.

૩.૨) વધુમાં, આ કામે ભોગબનનાર ફરીયાદીનુ બી.એન.એસ.એસ. કલમ.૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવામાં આવેલ છે. જેની નકલ મેળવી આ કામે સામેલ રાખવમાં આવેલ છે.

૩.૩) વધુમાં, આ કામના અરજદાર/આરોપી **ભોગબનનાર ફરીયાદીને એડીટીંગ કરેલા ફોટા વિડીયો બતાવી બ્લેક મેઈલ કરી શારીરીક અડપલા કરી એકાંતમાં મળવા બોલાવી બળાત્કાર કરી ગંભીર ગુન્હો આચરેલ છે. તેમજ ભોગબનનાર ફરીયાદીને બ્લેક મેઈલ કરી પૈસાની માંગણી કરતો હોય અને ભોગબનનાર ફરીયાદી માગ્યા મુજબના પૈસા આપે નહી તો ભોગબનનાર ફરીયાદીને મારઝુડ કરતો હોય** અને ફરીયાદી આરોપીને મળવાની ના પાડે કે બોલવાનું બંધ કરી દે તો

ફરીયાદી બજારમાં જાય ત્યારે અવાર નવાર પીછો કરી બિભત્સ માંગણીઓ કરી હેરાન કરતો હોય જેથી આરોપીના જામીન ના મંજુર કરવા વિનંતી છે.

૩.૪) વધુમાં,હાલે સમાજમાં જયારે સ્ત્રીઓ,બાળકીઓ, સાથે અત્યાચાર, છેડતી, બળાત્કારના બનાવો બનવાનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જતું હોય અને આવા સંજોગોમાં જો આવા પ્રકારના ગુના આચરતા ઇસમ ને જામીન ઉપર મુકત કરી દેવામા આવે તો આવો ગુના કરતા ઇસમોનું મનોબળ વધી જશે અને સરળતાથી જામીન મળી જતા હોવાનુ વિચારી ગંભીર ગુનાઓ આચરતા રહેશે અને આવા પ્રકારના ગુનાનું પ્રમાણ વધી જશે જેની ભારતીય સંસ્કૃતિના સભ્ય સમાજ પર વિપરીત અસર પડશે અને તેનો સીધો લાભ આવા પ્રકારના ગુના આચરતા માણસો લેશે અને જયારે સ્ત્રીઓ આવા ઇસમોની બદદાનતનો ભોગ બનતા તેઓને માનસીક અને સામાજીક રીતે ખુબ જ વેઠવાનું આવતું હોવા છતા ફરીયાદ કરવા હીંમત દાખવે એવા સંજોગોમા જો આવા ઇસમોને સરળતાથી જામીન મળી જાય તો તેઓના મનોબળ પર આની ગંભીર અસર પડતી હોય છે તેમ જાણવા છતા અરજદાર/આરોપી નાઓ એક સ્ત્રી હોવા છતા જે ગંભીર બાબતે છે, જે હકીકત ધ્યાને લેવા વિનંતી છે.

૩.૫) વધુમાં,અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરી ફરીયાદીને સમાજમા સોભજનક સ્થિતીમા મુકી દીધેલ હોય અને ફરીયાદીની આબરૂના ધજાગરા સમાજમા કરેલ હોય જેથી આરોપીને જામીન નહી આપવા અમો ત.ક.અમલાદારની વિનંતી છે.

૩.૬) વધુમાં,અરજદાર/આરોપીને જામીન આપવામાં આવશે.તો તે કેશને નુકશાન પહોચાડશે.તેમજ ગુન્હાના સાહેદોને પ્રલોભન આપી ફોડી નાખે તેવી શકયતા રહેલ હોય અને આરોપી નાસી ભાગી જશે. અને નામદાર કોર્ટ ફરમાવે ત્યારે હાજર રહેશે નહી જેથી અરજદાર આરોપીને ન્યાયનાં હીતમાં જામીન મંજુર નહી કરવા અમારી નમ્ર અરજ છે.

**(૪) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલ::–**

**૪.૧)** અરજદાર/આરોપી ઓના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

**(૫) વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::–**

**૫.૧)** વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકતને સમર્થિત દલીલ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને જામીન મંજુર કરવામાં આવશે તો આવા ગુનાઓ કરવા વાળા અસામાજીક તત્વોને પ્રોત્સાહન મળે તેવી શકયતા રહેલ હોય અને આવા ગુનાનો વેગ વધે તેમ હોય અને જામીન મુકત થયેથી આરોપી નાસી ભાગી જઈ ટ્રાયલ સમયે નામદાર કોર્ટમાં હાજર ન રહે અને પ્રોસીકયુશન કેશને નુકશાન કરે તેમ હોય. સદર કામે તપાસ પ્રાથમિક તબકકે છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત નહી કરવા અમારી વિનંતી છે.

**(૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૧.** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગેની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકીય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમા રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**૨.** આ કામમાં મુળી પો.સ્ટે.ગુ.ર.નં.નં.૧૧૨૧૧૦૩૫૨૬૦૦૪૦/૨૬ થી બી.એન.એસ.કલમ–૬૪(૨)(એમ), ૭૫(૧)(૧), ૭૫(૧)(૨),

૭૮(૧)(૧),૧૧૫(૨), ૩૦૮(૨), ૩૫૧(૩) મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

**૩.** સબબ કામે ઉભયપક્ષોની રજુઆત સાંભળી. કેસ પેપર્સ વંચાણે લીધા. રેકર્ડ જોતા, અરજદાર સામે બી.એન.એસ.કલમ–૬૪(૨)(એમ), ૭૫(૧)(૧), ૭૫(૧)(૨), ૭૮(૧)(૧),૧૧૫(૨), ૩૦૮(૨), ૩૫૧(૩)લગતનો આક્ષેપ છે.

**૪.** સબબ કામે અરજી, તપાસના કામે રેકર્ડ વંચાણે લીધુ. ઉભયપક્ષોની રજુઆત સાંભળી. આ કામે ત.ક.અમલદારનું એફીડેવીટ તથા રજુ પોલીસ પેપર્સને સંયુકત રીતે વંચાણે લેતા,..

**૫.** આ કામે જામીન અરજી ફરીયાદ, તથા પોલીસ તપાસના કાગળો તથા ત.ક.અમલદારે રજુ કરેલ એફીડેવીટ જોતાં, **આરોપી વિરુધ્ધનો આક્ષેપ, બનાવમાં આરોપીની વર્તણુંક વિગેરે બાબતોને ધ્યાને લેતાં, આરોપીનો સદર ગુનામાં પ્રથમદર્શનીય રોલ જોતા, ત.ક.અમલદારે તેઓના સોગંદનામામાં જણાવેલ છે કે, હાલના આરોપી વિરુધ્ધ તપાસ દરમ્યાન પુરતા પુરાવા પ્રથમદર્શનીય જણાઈ આવેલ.** આ તબકકે આ કામના હાલના અરજદાર/આરોપીનો ગુનામાં પ્રથમદર્શીનીય આરોપી તરીકેનો રોલ છે. વધુમાં, આ કામના હાલના અરજદાર/આરોપીઓનુ ફરીયાદમા પહેલેથી જ નામ છે.

આમ, આ તબકકે હાલની તપાસના કામે ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા સદર ગુનામાં આરોપીનો રોલ જોતા, રેગ્યુલર જામીન આરોપીને આપવા આ તબકકે ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં સદર કામે ગુનાની તપાસ પ્રાથમિક તબકકે છે. જેથી આ કામના આરોપીની જામીન અરજી લગત ન્યાયના હીતમાં

નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧.) અરજદાર/આરોપી **અમીતભાઇ જગદીશભાઇ પારધી**નાઓની જામીન અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૯ મી માહે: માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૯/૦૩/૨૦૨૬

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)